Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.7 No.35

Impact Factor
Quarterly
Jan to March -2022

# નવલકથામાં વાર્તા-તત્વ અને તેની સંકલનાનો વૈભવ - એક સમીક્ષા

ડો. મુકેશ બી. ચૌહાણ

ઈ.સ.૧૮૮૭માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ નોંધ્યું હતું કે, નવલકથાઓ આજકાલ દિગ્વિજય પામતી દેખાય છે ....૧ આ વિધાન આજના સમયમાં પણ એટલું જ સાચું છે. આજના ઈન્ટરનેટના યુગમાં મનોરંજનના અનેક સાધનો, અનેક માધ્યમો હાથવગાં હોવા છતાં નવલકથાઓ લખાય છે અને વંચાય છે. "હેરી પોર્ટર' જેવી જાદુઈ સૃષ્ટિવાળી દીઘ નવલકથા પરથી ફિલ્મ પણ બને છે.નવલકથાની આવી વ્યાપક લોકપ્રિયતા પાછળ આધુનિક જીવનશૈલી જવાબદાર છે એમ કહેતાં ચુનીલાલ મડિયા ટી.એસ.ફેરલનો વિચાર આ સંદર્ભે નોંધે છે, આજે ટાઈમ ટેબલ પ્રમાણે જીવાતા માણસ પોતેજ પોતાની લાગણીઓ કે વિચારોને વાચા આપી શકતો નથી. આવી પરિસતિથિમાં એને પોતાનો જ પરિચય સાવધાની અને બીજા માનવીઓની આશા આકાંશાઓ ઉમરીઓ સ્પંદનો વાગી જાણવાની તળાવેલી જાગે છે....આજના માનવીને કૃતિમ રીતે ખાંડોમાં ને ટુકડોમાં જીવવું પડે છે તેથી એને સમગ્ર જીવનનું દર્શન થઈ શકતું નથી. તેથી જીવનનું અખિલાઈમાં દર્શન કરવા માટે અને પોતાના ખંડિત વ્યક્તિત્વને સુગ્રથિત અને અર્થપૂર્ણ બનાવવા માટે એ નવલકથાઓ વાંચે છે....૨ ટી.એસ.ફેરલનું આ વિધાન બે બાબતો દર્શાવે છે. એક તો, નવલકથાની પ્રચંડ લોકપ્રિયતા પાછળનું કારણ દર્શાવે છે, તથા નવલકથાકારની જવાબદારી પણ દર્શાવે છે. જીવનનું અખિલાઈમાં દર્શન કરાવવું એ નવલકથાકારનું કર્તવ્ય છે. જીવનની અંખડિતતાનું દશન કરાવવા મથતાં નવલકથાકાર પાસે 'ભગવાન ઈસુ ક્રાઈસ્ટના જેવી સહાનુકંપા"...૩હોવી જરૂરી છે. એ વિના કથા રચી શકાય નવલકથા નહી.ઈ .એમ .ફોર્સ્ટર પોતાના ગ્રંથ "આસ્પેકટસ્ આંવ ધી નાંવેલ'માં લખે છે,The novel tells a story. That is, the fundamental aspect without which it could not exist....૪

નવલકથામાં રહેલું વાર્તાતત્ત માનવીને સૌથી વધુ આકર્ષે છે. મહાકાવ્યો, આખ્યાનો, પદ્યવાર્તાઓ, લોકગીતો વગેરે સાહિત્યસ્વરૂપાંમાં પણ કથાનું તત્ત્વ જોવા મળે છે. વેદો-ઉપનિષદોમાં પણ કથાતત્ત્વ રહેલું છે. બદ્ધ, મહાવીર જેવાં મહાપુરુષોએ પણ વાર્તારસ દ્વારા ધર્મનો પ્રચાર કર્યો છે. રોબર્ટ શોલ્સ અને રોબર્ટ કેલોગ કથાતત્વના મૂળ પાંચ હજાર વર્ષ જેટલાં જૂના હોવાનું દર્શાવે છે. વાર્તા એ મનુષ્યના રસનો વિષય છે. નવલકથામાં પણ "કથા' હોય છે.લેખક વાચકની જિજ્ઞાસા ટકી રહે તે રીતે ઘટનાઓની ગૂંથણી કરીને વાતાં કહેતો જાય અને

અંતિમ ઘટના સાથે વિરમી જાય છે. વાચકની જિજ્ઞાસા ટકાવી રાખવી અને તેને આશ્ચર્યમાં મૂકી દે તે રીતે વાર્તા રજૂ થાય. આ રીતે વાર્તા જ કહેવી તે પ્રાકૃત અવસ્થા છે. જાસૂસી કથાઓમાં 'રહસ્ય' અને “આશ્ચર્ય'નું તત્ત ચાલકબળ બની રહે છે. નવલકથામાં માત્ર “વાર્તા'કથન નથી પણ માનવજીવનનું આલેખન થતું હોય છે. તેથી તેમાં “વાર્તા” દ્વારા રજૂ થાય છે એક “વિષય”. આર્નોલ્ડ બેનૅટ કહે છે,

‘Every novel should have a main theme that can be stated in ten words.’...૫

(દરેક નવલકથાને એક મુખ્ય વિષય હોય છે, જેને ધ્સ શબ્દોમાં કહી શકાય.)અંગ્રેજીમાં theme'ના પર્યાયરૂપે subject, subject-matter, motive, content, substanceજેવાં શબ્દો વપરાય છે. ગુજરાતીમાં “વિષય'ના અર્થમાં વિષયવસ્તુ, કથયિતવ્ય, વક્તવ્ય, તાત્પર્ય વગેરે શબ્દો પ્રયોજાય છે. હેન્રી જેમ્સ 'વાર્તા' અને “વિષય'ની વાત કરતાં કહે છે, ““વાર્તા”, જો કંઈક અભિવ્યક્ત કરે છે તો તેના વિષયને, વિચારને અભિવ્યક્ત કરે છે અને એવો કોઈ સંપ્રદાય અસ્તિત્વમાં નથી, જે એમ કહેતો હોય કે નવલકથા બધોં પ્રપંચ કરે પણ તેમાં વિષય ન હોય.'...૬ હર્ષદ ત્રિવેદી “પ્રાસન્નેય' વિષયને નવલકથાની કરોડરજ્જુ ગણતાં કહે છે, 'આવું રહસ્ય - theme તો નવલકથાની કરોડરજ્જુ હોય છે. એ theme નવલકથાકારે શાસ્ત્રોક્તિઓ જેવાં વાક્યો દ્વારા સાદુંસીધું કહી નાંખવાનું હોતું નથી,...એનો સિદ્ધ થવાનો જે માર્ગ હોય એ માર્ગેમાર્ગે જ પાત્રો વિકસે ને પ્રસંગો બને. એટલે આખી નવલકથામાં જે કંઈ બને તેનું નિયામક બળમાં હોય છે; theme ન હોય તો નવલકથાનાં ઘટક્તત્ત્વોમાં અરાજડતા પ્રવેશે.'... ૭

લેખકના દષ્ટિકોણવાળો 'વિષય' નવલકથામાં “વાર્તા' દ્વારા રજૂ થાય છે. “વિષય' પાત્રો, પ્રસંગો, વર્ણનો દ્વારા વાર્તારૂપે રજૂ થાય છે. કહો કે, નવલકથાનો આકાર 'વિષય'ને રજૂ કરે છે. પણ “વિષય' અને 'વાર્તા' વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર ગોવર્ધનરામ પાસેથી મળે છે. “સરસ્વતીચન્દ્ર'ની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે, “જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો... સુકથાની મદિરા પાઈ સત્કર્મના વ્યસનમાં પડવાનો માર્ગ દેખાડવો .'...૮

એટલે કે “વિષય'ને વ્યક્ત કરતી કથા “સુકથા’ હોવી જોઈએ. વાચકને જકડી રાખે તેવી હોવી જોઈએ. આથી, “વિષય'ને અનુરૂપ પાત્રો, પ્રસંગો, પરિવેશ, વર્ણનો આદિ તત્ત્વોની ગૂંથણી દ્વારા “કથા' રજૂ થાય છે. આ “કથા'ના વાંચનના અંતે ભાવક “વિષય'ને પામે છે. “કથાતત્ત્વ' અને “વિષય'ના સંબંધને રમણલાલ દેસાઈની નવલકથા “પૂણિમા'નાં દષ્ટાંતથી સમજીએ. ઉ.દા.: ગણિકાસંસ્થા દ્વારા સ્ત્રીના થતાં પતનનું પ્રાયશ્ચિત શું છે ? પતિતાનો પત્નીરૂપે સ્વીકાર એ જ સમાજના દોષનું પ્રાયશ્ચિત છે. એ ‘પુર્ણિમા’ નવલકથાનો 'વિષય'(theme) છે. આ વિષયના નિરૂપણ માટે ગણિકાનાં પાત્રો આવે છે. જેમા મુખ્ય છે રાજેશ્વરી. ગણિકાઓનું શોષણ કરતાં સમાજના પ્રતિનિધિરૂપે કીકા શેઠ અને પદ્મનાભ જેવાં પાત્રો આવે છે. આખા પુરુષપ્રધાન સમાજ દ્વારા થયેલાં અન્યાયનું પ્રાયશ્ચિત અવિનાશ કરે છે. અવિનાશ અને રાજેશ્વરીનું એકમેકના સંપકમાં આવવું, અવિનાશનું ગણિકાના મહોલ્લામાં જવું, રાજેશ્વરીની પવિત્રતાનો અનુભવ થવો, રાજેશ્વરીની પવિત્રતાની સામે કીકા શેઠની ક્ષુદ્રતા-અભદ્રતા જોવી - આ બધાં પ્રસંગો છે. જે લેખકના દષ્ટિકોણવાળા 'વિષય'ને વ્યક્ત કરવામાં મદદરૂપ બને છે. કહો કે, આ પ્રસંગો દ્વારા લેખકનો 'વિષય' રજૂ થાય છે. આ પ્રસંગોની ગૂંથણી તે અવિનાશ અને રાજેશ્વરીની “વાર્તા' છે. ભાવક આ 'વાર્તા' હારા “'પૂણિમા' નવલકથાના વિષયને પામે છે.

આમ, “વિષય' મહત્વનું તત્ત્વ છે પરંતુ તે “વાર્તા'રૂપે રજૂ થવું જોઈએ. કે 'વિષય”'એ વાર્તારૂપે રજૂ ન થાય, એકરૂપ ન થાય તો નવલકથા કથળે છે. વાર્તા, પાત્રો, સંવાદો, પરિવેશ વગેરે તત્ત્વો દ્વારા “વિષય' આખી દૃતિમાં

એકરસ થઈને પ્રવર્તે છે. રૈ દૃષ્ટિએ “વિષય' અન્ય તત્ત્વોનું નિયમન કરે છે. પરંતુ કુતિની બહાર 'વિષય'નું કોઈ મહત્ત્વ નથી. સ્વાભાવિક રીતે જ સર્જક વિષયને અનુરૂપ પાત્રો, પરિવેશ, કથનકેન્દ્ર, ભાષા આદિની પસંદગી કરે છે. કહો કે, વિષય જ તેના સર્જકને ફરજ પાડે છે. ઉદાહરણથી સમજીએ. ઉ.દા.: આધુનિક સમયમાં એકલતા અનુભવતા, છિકલ્લભિન્ન થયેલા વ્યક્તિત્વ સાથે જીવતાં નાયક નિષાદની વેદનાને વ્યક્ત કરવા માટે મધુરાય “ચહેરા' નવલકથામાં કથનકેન્દ્ર “હું'નું રાખે છે. કલકત્તાના શહેરી વાતાવરણમાં મૂળિયાં કપાયેલાં નિષાદને મૂકી આપે છે. નિષાદની એકલતાની, ભીસની અનુભૂતિ કરાવવા અલંકારો વિનાની સાદીસરળ ભાષા પ્રયોજે છે. જીવનમાં વિસંગતિ છે તેની અનુભૂતિ પ્રસંગોની વિસંગતિવાળી ગોઠવણીથી કરાવે છે.

વસ્તુસંકલનાનાં અનેક પાસાં રહ્યાં છે. પાત્રો, વિષય, પરિવેશ, ક્યિ, કથનકેન્દ્ર, પ્રસંગો, સંઘર્ષ વગેરેનું સુચારૃ સંયોજન વસ્તુસંકલના દ્વારા થાય છે. વસ્તુસંકલના એટલે માત્ર પ્રસંગોની કાર્ય-કારણ સંબંધે થતી ગોઠવણી જે ભાવકની જિજ્ઞાસા ટકાવી રાખે એ સ્થૂળ ખ્યાલ છે. નવલકતા સર્જનનાં દરેક તબક્કે વસ્તુસંકલના મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી જ પ્રવીણ દરજી કહે છે – ' વસ્તુ-સંકલના માત્ર તૈયાર ખોખું નથી, ક્રિયા, ચરિત્ર અને વિચારના હિસ્સેદારીથી બનતી પ્રક્રિયા છે.'....૯

**સંદર્ભો**


1. ત્રિપાઠી, ગોવર્ધનરામ, '“સરસ્વતીચન્દ્ર' ભાગ-૧ની પ્રસ્તાવના, એન.એમ.ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, ૨૦૦૫
2. મડિયા, ચુનીલાલ, “કથાલોક', અશોક પ્રકાશન, ૧૯૬૮, પ્રથમ, પૃ.૮૦.
3. એજન,પૃ.૩ મૂળ વિધાન આનોલ્ડ બેનેટનું છે.
4. મહેતા, ધીરેન્દ્ર, “'નંદશંકરથી ઉમાશંકર-ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય', આર.આર.શેઠની કંપની, ૧૯૮૪, પ્રથમ, પૃ.૧૨.
5. એજન,પૃ.૧૨
6. એજન,પૃ.૧૨
7. ત્રિવેદી, હર્ષદ, “પ્રાસન્નેય', “ગુજરાતનો નાથ - એક દૃષ્ટિપાત', “ક્ષિતિજ' નવલકથા વિશેષાંક, ફેબ્ર-૧૯૬૩.
8. ત્રિપાઠી, ગોવર્ધનરામ, #“સસરસ્વતીચન્દ્ર' ભાગ-૧ની પ્રસ્તાવના, એન.એમ.ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, ૨૦૦૫, પચ્ચીસમી.
9. દરજી, પ્રવીણ, “નવલકથા-સ્વરૂપ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૯૭, બીજી, પૃ.૨૨.